માનનીય જસ્ટીસશ્રી, કે.આર.વ્યાસ, ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશશ્રી, મુંબઈ હાઈકોર્ટ અને ચેરમેનશ્રી, મોનીટરીંગ ઓથોરીટીના પગાર ભથ્થા અને નિમણુંકની શરતો અને બોલીઓ બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૧૦/૧૧૯૯૬/પાર્ટ-૧

સચિવાલય, ગાંધીનગર

તા. ૩/૧૧/૨૦૧૨

**વંચાણે લીધા** :- (૧) ગૃહ વિભાગ ઠરાવ ક્રમાંક: SB-I/KAV/102010/11996/Part-I તા.૨૩/૨/૨૦૧૨.

(૨) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: પગર/૧૦૦૯/૬૬/પગાર એકમ(ચ) તા.૩/૧૨/૨૦૧૧.

(૩) ગૃહ વિભાગ ઠરાવ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૧૦/૧૧૯૯૬/પાર્ટ-૧ તા.૩/૪/૨૦૧૨.

(૪) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૧૨-૭૪-પગાર એકમ (પી) તા.૧/૧૧/૨૦૧૨.

**આમુખઃ-**

ગૃહ વિભાગના સંદર્ભમાં ક્રમાંક (૩) સામે દર્શાવેલ તા.૩/૪/૨૦૧૨ના સમાનાંકી ઠરાવથી મોનીટરીંગ ઓથોરીટીના ચેરમેનશ્રી માનનીય જસ્ટીસશ્રી કે.આર.વ્યાસ, ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશશ્રી, મુંબઈ હાઈકોર્ટની નિમણૂક અંગેની શરતો અને બોલીઓ નક્કી કરવામાં આવેલ છે. રાજ્યના જુદા જુદા વિભાગો દ્વારા વિવિધ હેતુસર Commission of Inquiry Act હેઠળ નિમવામાં આવેલ તપાસપંચો, ટ્રીબ્યુનલો, સમિતિઓ અને ફોરમના અધ્યક્ષ સ્થાને નિમાતા નામદાર સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રીઓને નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક (૨) સામે દર્શાવેલ તા.૩/૧૨/૨૦૧૧ના મૂળ ઠરાવ મુજબ મળવાપાત્ર સવલતોમાં સંદર્ભ ક્રમાંક (૪) સામે દર્શાવેલ નાણા વિભાગના તા.૧/૧૧/૨૦૧૨ના ઠરાવથી આંશિક સુધારા કરવામાં આવેલ છે.

**ઠરાવઃ-**

નાણા વિભાગના ઉપર્યુક્ત તા.૧/૧૧/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૨-૭૪-પગાર એકમ(પી) અન્વયે માનનીય જસ્ટીસશ્રી કે.આર.વ્યાસ (નિવૃત), ચેરમેનશ્રી

મોનીટરીંગ ઓથોરીટીના પગાર- ભથ્થાં તેમજ નિમણૂંકની શરતો અને બોલીઓ અંગેના આ વિભાગના તા.૩/૪/૨૦૧૨ના સમાનાંકી ઠરાવમાં આંશિક સુધારા કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે:-

(૧) નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રીઓને મળતી સવલતો ઉપરાંત તેઓશ્રીના નિવાસ સ્થાને વીજળી અને પાણીની સવલત અંગે વાર્ષિક ૩૬૦૦ કિલો લીટર પાણી અને વાર્ષિક ૧૦,૦૦૦ યુનિટની મર્યાદામાં વીજળી વપરાશના થયેલ ખર્ચની રકમ તેઓને મળવાપાત્ર થશે. આ સવલત અંગે જો ખરેખર ખર્ચ ઓછો થાય તો તે મુજબ રકમ ચુકવવાની થશે.

(૨) નાણા વિભાગના તા.૩/૧૨/૨૦૧૧ના ઠરાવમાં જયાં જયાં "અધિક મુખ્ય સચિવશ્રી કક્ષાના અખિલ ભારતીય સેવાના અધિકારીઓને મળવાપત્ર દરે", "અખિલ ભારતીય સેવાના અધિક મુખ્ય સચિવશ્રી કક્ષાના અધિકારીઓને મળવાપાત્ર" એવા શબ્દ પ્રયોગ કરવામાં આવ્યા છે ત્યાં ત્યાં "સંબંધિત ન્યાયમૂર્તિના નિવૃત્તિ સમયના મૂળ પગારને આધારે" શબ્દ વાંચવાના રહેશે.

(૩) નાણા વિભાગના તા.૩/૧૨/૨૦૧૧ના ઠરાવ તથા ગૃહ વિભાગના તા.૩/૪/૨૦૧૨ના ઠરાવની અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

આ ઠરાવ રવાનગીની તારીખથી અમલમાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગની તા.૩/૧૧/૨૦૧૨ ના રોજ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(સંજય પંડયા)**
ઉપ સચિવ (કા×વ્ય)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય જસ્ટીસશ્રી કે.આર.વ્યાસ, ચેરમેનશ્રી, મોનીટરીંગ ઓથોરીટી, સેકટર-૩૦, ગાંધીનગર.

**નકલ સવિનય રવાના:-**

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.(પત્ર દ્વારા)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી – ૧(ઓડીટ), ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી – ૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(કા×વ્ય)ના અંગત મદદનીશશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર રેન્જ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, ગૃહ વિભાગ - વેબસાઈટ ઉપર મૂકવા સારૂ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.